રાજ્યમાં ૨૪ કલાકમાં ૩૬૭ નવા કેસ

રાજ્યમાં નવા ૨૨ના મોત : મૃતાંક ૯૬૦ : રાજ્યમાં કુલ ૮૦૦૧ દર્દીઓ સાજા થયા : ૭૩ વેન્ટીલેટર પર : હજુપણ સારવાર હેઠળ ૬૬૧૧ દર્દીઓ

ગાંધીનગર તા.૨૮

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩૬૭ કેસ સાથે રાજ્યનો કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક વધીને ૧૫૫૭૨ સુધી પહોંચ્યો છે. બીજી બાજુ કોરોનાની સારવાર હેઠળ ૨૨ દર્દીઓના છેલ્લા ૨૪ કલાકમાં મોત થતા મૃત્યુઆંક વધીને ૯૬૦ થયો છે. રાજ્યમાં આજે વધુ ૭૬ કેસ વેન્ટીલેટર પર હોવાનું જાણવા મળે છે. રાજ્યમાં આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા ૪૫૪ છે. આ સાથે રાજ્યમાં સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૮૦૦૧ થઈ છે. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા અપાયેલ માહિતી મુજબ રાજ્યમાં અમદાવાદમાં ૨૪૭, સુરતમાં ૪૪, વડોદરામાં ૩૩, મહિસાગરમાં ૮, કચ્છમાં ૭, રાજકોટમાં ૭, ગાંધીનગરમાં ૪, આણંદ, પંચમહાલમાં ૨, ખેડા, અરવલ્લી, બનાસકાંઠા, બોટાદ, છોટાઉદેપુર, ગીર સોમનાથ, જુનાગઢ, મહેસાણા, મોરબી, નવસારી, પાટણ, સુરેન્દ્રનગર અને વલસાડ ખાતે ૧-૧ કેસ નવા નોંધાયા છે. તે સાથે રાજ્યમાં કુલ ૩૬૭ નવા કેસ થયા છે. જેમાં કુલ એક્ટીવ કેસ વેન્ટીલેટર ઉપર ૭૬ અને સ્ટેબલ ૬૫૩૫ સાથે કુલ ૬૬૧૧ થયા છે.

જેમાં ૯૬૦ જેટલો કુલ મૃત્યુઆંક થયો છે. ડિસ્ચાર્જ ૮૦૦૧ને કરવામાં આવેલ છે. રાજ્યમાં નવા ૨૨ મોત થયા છે. જેમાં અમદાવાદમાં ૧૬, વડોદરામાં ૩, કચ્છ, પાટણ અને સુરેન્દ્રનગરમાં ૧-૧ મરણ કોરોનાના કારણે નોંધાયેલા છે.

રાજ્યની જુદી જુદી હોસ્પિટલો અને જિલ્લામાં થયેલ કુલ ટેસ્ટ ૧,૯૮,૦૪૮ થયા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લામાં કુલ ૩,૧૩,૭૨૯ વ્યક્તિને કવોરન્ટાઈન કરાયા છે જે પૈકી ૩,૦૫,૪૪૩ વ્યક્તિઓ હોમ કવોરન્ટાઈન તથા ૮૨૮૬ વ્યક્તિઓ ફેસિલિટી ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવેલ છે. આજ રોજ રાજ્યમાં ૪૫૪ દર્દીઓ સાજા થઈને ઘરે ગયેલ છે. જેમાં અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ ૩૮૧ દર્દીઓ, સુરત જિલ્લામાં ૨૧ દર્દીઓ, કચ્છમાં ૧૨, અરવલ્લીમાં ૧૦, ગાંધીનગરમાં ૭, પાટણમાં ૬, જામગનરમાં ૪, જુનાગઢમાં ૩, અમરેલી, બનાસકાંઠા, ભાવનગર અને સાબરકાંઠામાં ૨-૨ અને ખેડા અને વલસાડમાં ૧-૧ દર્દીઓને સાજા થતા રજા આપવામાં આવી છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૧૧૩૪૪	૭૮૦	૫૩૩૧
સુરત	૧૪૬૫	૬૫	૧૦૦૭
વડોદરા	૯૪૭	૩૯	૫૩૦
ગાંધીનગર	૨૪૧	૧૩	૧૩૬
ભાવનગર	૧૨૦	૦૮	૯૯
બનાસકાંઠા	૧૦૩	૦૪	૮૦
આણંદ	૯૭	૧૦	૭૭
રાજકોટ	૧૦૪	૦૨	૬૮
અરવલ્લી	૧૦૨	૦૩	૮૮
મહેસાણા	૧૦૫	૦૪	૬૦
પંચમહાલ	૮૧	૦૭	૬૮
બોટાદ	૫૯	૦૧	૫૪
મહીસાગર	૧૧૩	૦૨	૪૧
ખેડા	૬૪	૦૪	૪૫
પાટણ	૭૬	૦૬	૫૭
જામનગર	૫૨	૦૨	૩૫
ભરૂચ	૩૭	૦૩	૨૯
સાબરકાંઠા	૯૭	૦૩	૩૧
ગીર-સોમનાથ	૪૫	૦૦	૨૩
દાહોદ	૩૬	૦૦	૨૨
છોટાઉદેપુર	૨૪	૦૦	૨૧
કચ્છ	૭૫	૦૨	૨૫
નર્મદા	૧૮	૦૦	૧૩
દેવભૂમિ દ્વારકા	૧૨	૦૦	૧૧
વલસાડ	૩૪	૦૧	૧૦
નવસારી	૨૩	૦૦	૦૮
જૂનાગઢ	૨૮	૦૦	૧૨
પોરબંદર	૦૮	૦૦	૦૪
સુરેન્દ્રનગર	૩૨	૦૧	૧૦
મોરબી	૦૪	૦૦	૦૨
તાપી	૦૬	૦૦	૦૨
ડાંગ	૦૨	૦૦	૦૨
અમરેલી	૦૮	૦૦	૦૨
અન્ય રાજ્ય	૦૮	૦૦	૦૦
કુલ	૧૫૫૭૨	૯૬૦	૮૦૦૧

બનાસકાંઠામાં વધુ બે કેસ

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસે પુનઃ માથું ઊંચક્યું છે. જ્યાં ગુરુવારે વધુ ૨ વ્યક્ત કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાના દિયોદરના પાલડી ગામે ૧ જ્યારે વડગામના ખરોડીયા ગામે એકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૦૭ થવા પામી છે. જ્યારે કોરોનાથી કુલ ૪ વ્યક્તિઓના મોત થયા છે. ઉલ્લેખનીય છે કે, વડગામના ખરોડીયા ગામના પોઝેટિવ દર્દી પાલનપુરનો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. દર્દીનું ખરોડીયામાં માત્ર છાપરું હોવાથી ખરોડીયા દર્શાવ્યું હોવાની ચર્ચા થઈ રહી છે. ત્યારે પટણી સમાજનો કેસ ખરોડીયા ગામનો બતાવવા પાછળનો હેતુ શું?પાલનપુરનો કેસ ખરોડીયા બતાવવા પાછળ પાલનપુરને સેફ બતાવવાનો હેતુતો નથીને તેને લઈ અનેક અટકળો ચાલી રહી છે.

યાત્રાધામ અંબાજી ખાતે ચૂંદડીવાળા માતાજીને સમાધી અપાઈ

શક્તિ ભક્તિ અને આસ્થાનું ત્રિવેણી સંગમ એટલે જગ વિખ્યાત યાત્રાધામ અંબાજી ખાતે ચૂંદડીવાળા માતાજીને આજરોજ સવારે સમાધિ આપવામાં આવી છે. જીતુભાઈ શાસ્ત્રી દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સાથે ચૂંદડીવાળા માતાજીને સમાધિ આપવામાં આવી છે.હાલ લોકડાઉન હોવાથી ત્યાં તેમના લાઈવ દર્શન ભક્તો કરી શક્યા નથી.પરંતુ સોશિયલ મીડિયાની મદદથી ભક્તોએ અંતિમ દર્શન કર્યા હતા. યાત્રાધામ અંબાજીના ચૂંદડી વાળા માતાજીનું બે દિવસ અગાઉ અવસાન થયુ હતુ.જેથી બે દિવસ તેમના પાર્થિવ દેહને દર્શન માટે રખાયા બાદ આજરોજ અંબાજી ખાતે શાસ્ત્રોક્ત વિધિ વિધાનથી જ્યાં ચુંદડીવાળા માતાજી ગાદી પર બેસતા હતા. ત્યાં એક જગ્યા ઉપર માતાજીને સમાધિ આપવામાં આવી છે. રૂત્ર સૂક્તના અભિષેક દ્વારા વિવિધ નદીઓના જળ લાવી ચુંદડીવાળા માતાજીને સમાધી આપવામાં આવી હતી. માતાજીને આજે સવારે સ્નાન બાદ તેમના નશ્વરદેહને પાંચ પ્રકારના લેપ લગાવવામાં આવ્યા હતા. ત્યારબાદ માતાજીને શણગાર સજીને સમાધી આપવામાં આવી હતી.

કોવિડ-૧૯ ટેસ્ટ મુદ્દે અમદાવાદ મેડિકલ એસો. હાઈકોર્ટને શરણે

પાંચ દિવસ દરમિયાન દર્દી કોવિડગ્રસ્ત હોય તો અન્યને ચેપ ફેલાવી શકે જેનો ભોગ ખુદ ડોક્ટર પણ બની શકે હોવાની ગુજરાત હાઈકોર્ટમાં રજૂઆત

મેડિકલ એસોસિએશને કોવિડ-૧૯ ટેસ્ટનાં રિપોર્ટની પ્રક્રિયા ચાર થી પાંચ કલાકમાં પતી જાય તે માટે હાઈકોર્ટની શરણ લીધી છે. આ અંગે આવતી કાલે શુક્રવારે તેનું હિયરીંગ છે. સરકારી નિયમ મુજબ હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ માટે દર્દી આવે એટલે તેના કોવિડ ટેસ્ટ માટે CDHOને જે તે હોસ્પિટલ અને ડૉક્ટરે મેઈલ કરી પેશન્ટનાં કોવિડ ટેસ્ટ માટે મંજૂરી લેવી પડે છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે આ મેઈલનો હા કે ના નો જવાબ આવતા ચાર થી પાંચ દિવસ લાગી જાય છે.

આ પાંચ દિવસ દરમિયાન દર્દી કોવિડગ્રસ્ત હોય તો અન્યને ચેપ ફેલાવી શકે જેનો ભોગ ખુદ ડૉક્ટર પણ બની શકે છે. આ બાબતે છસ્છ તરફથી થયેલી લેખિત રજૂઆતનું કોઈ પરિણામ ના આવતા તેવો હોઈકોર્ટમાં ગયા છે. કોવિડ ટેસ્ટ માટેની જવાબદારી સરકારી પ્રક્રિયાને કારણે ડૉક્ટર દર્દીના રોગનું નિદાન ના થયું હોય તો તેની સારવાર કઈ રીતે કરે. આ જટિલ પ્રક્રિયાને કારણે ખુદ ડૉક્ટરને પણ કોવિડ ટેસ્ટ કરાવવો હોય તો પાંચ દિવસ લાગે છે. આમ ડૉક્ટર પાસે આવતા દર્દીનો ટેસ્ટ પાંચ દિવસે અને તેનો રિપોર્ટ આવતા બીજા ૨૪ કલાકનો સમય લાગે છે. આમ છ દિવસ જેટલા સમયમાં દર્દી બીજા લોકોમાં સંક્રમણ ફેલાવે કાં તો યોગ્ય સારવાર ના મળતા મૃત્યુ પામે છે.

આ પ્રકારની સ્થિતિમાં કામ કરતાં ડૉક્ટરોમાં પણ સંક્રમણ ફેલાવવાનો ભય વધી જાય છે. છસ્છ (અમદાવાદ મેડિકલ એસોસિએશન)નાં પ્રમુખ ડૉ. મોનાબહેન દેસાઈએ જણાવ્યું હતું કે, દર્દીનાં કોવિડ-૧૯ ટેસ્ટ માટે CDHO ને ડૉક્ટરે એક ફોર્મ ભરીને મેઈલ કરવાનો હોય છે. જેના આધારે તેનો ICMR ની ગાઈડલાઈન મુજબ હા કે ના માં જવાબમાં આપે છે. જે જવાબ આવતા ચાર થી પાંચ દિવસ લાગે છે. ત્યાં સુધી કોઈ ઈમરજન્સી ઓપરેશન હાયે તો કોવિડ ટેસ્ટ વગર ડૉક્ટર કરે તો દર્દી અને ડૉક્ટર બન્ને માટે જોખમ છે.

AMAનાં પ્રમુખ તરીકે ખાનગી હોસ્પિટલ અને સરકારી હોસ્પિટલનાં ઘણા બધા ડોક્ટરોની આ બાબતે રજૂઆત મને મળી હતી. ટેસ્ટની જટિલ પ્રક્રિયા દૂર કરવા અને જલદી રિપોર્ટ મળે તે માટે અમે હાઈકોર્ટમાં ગયા છીએ. અમારા ઘણા ડૉક્ટરોમાં પણ સંક્રમણ ફેલાયું તેથી હવે કોઈ રસ્તો કાઢવો પડશે. આમાં સરકારનો વિરોધ કે સામે પડવાનો અમારો કોઈ હેતુ નથી.

મોડાસા ડીપ વિસ્તારમાં પીવાના પાણીની પાઈપ લાઈનના વાલ્વમાં લીકેજથી "ઉનાળે ચોમાસા જેવો માહોલ"

ઉનાળાનો અંતિમ ચરણમાં તપી રહ્યો છે મોડાસા નગરપાલિકા તંત્ર માઝુમ જળાશયમાં પાણીનો પર્યાપ્ત જથ્થો હોવા છતાં ચોમાસાના આગમનમાં વિલંબ થાય તો પાણીની તંગી નગરજનોને ન પડે તેમાટે આગોતરા આયોજનના ભાગરૂપે એકાંતરે પાણીનો જથ્થો શહેરીજનોને નગરપાલિકા પૂરો પાડી રહી છે. ત્યારે મોડાસાના ડીપ વિસ્તારમાં પીવાના પાણીની પાઈપ લાઈનના વાલ્વમાં લીકેજ થતા હજ્જારો લીટર પાણીનો વેડફાટ થયો હતો. લીકેજ પાણી રોડ પર ફરી વળતા વાહનચાલકો અને વટેમાર્ગુઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે નગરપાલિકા તંત્ર બેદરકારી દાખવી રહ્યું છે. મોડાસામાં પાણીનો વેડફાટ થતો સામે આવ્યો છે, શહેરના ડીપ વિસ્તારથી સિદ્ધિવિનાયક મંદિર તરફ જવાના માર્ગ ઉપર આવેલ પાલિકાની પાઈપ લાઈનના વાલ્વમાં લીકેજ સર્જતાં પાણીના જથ્થાનો મોટા પ્રમાણમાં વ્યય થયો હતો. વાલ્વ લીકેજ થતા રસ્તા ઉપર પાણી જ પાણી જોવા મળ્યું હતું. જેને કારણે ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. પાણીના વેડફાટને કારણે માર્ગ ઉપર જતા વાહન ચાલકો તેમજ રાહદારીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ડીપ વિસ્તારમાં છાસવારે પીવાની પાણીની પાઈપલાઈનમાં ભંગાણ થતું હોવાનું અને મરામત કરવામાં તંત્ર આળશ દાખવતું હોવાનો સ્થાનિકોએ ભારોભાર રોષ વ્યક્ત કર્યો હતો.

કોચિંગ ક્લાસમાં શૈક્ષણિક શરતોને આધીન ચાલુ કરવા માંગ



છેલ્લા બે મહિનાથી લૉકડાઉનને પગલે બંધ પડેલા કોચિંગ ક્લાસિસને શરતોને આધીન શરૂ કરવા અરવલ્લી જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવી. અરવલ્લી જિલ્લા કોચિંગ ક્લાસીસ એસોસિએશનના પ્રમુખ સિધ્ધાર્થસિંહ પુવાર તેમજ હોદ્દેદારો દ્વારા અરવલ્લી જિલ્લા અધિક કલેકટરને આવેદનપત્ર આપીને કોચિંગ ક્લાસની શરતોને આધીન શૈક્ષણિક કાર્ય શરૂ કરવા મંજૂરી આપવા માટે માંગ કરી હતી.

અરવલ્લી જિલ્લા કોચિંગ ક્લાસીસ એસોસિયેશનના પ્રમુખ સિદ્ધરાજસિંહ પુવાર અને સદશ્યોએ જિલ્લા અધિક કલેક્ટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે અરવલ્લી જિલ્લામાં કોચિંગ ક્લાસ દ્વારા તેમના પરિવારનું તેમજ સ્ટાફ પરિવારનું ગુજરાન ચાલે છે પણ છેલ્લા બે માસ કરતાં વધારે સમયથી કોચિંગ ક્લાસીસ સર્દતર બંધ પડેલા હોવાથી તેઓ આર્થિક નુકસાનીનો સામનો કરવો પડી રહ્યો છે, એટલું જ નહીં આવક બંધ થતા કોચિંગ ક્લાસ તેમજ અન્ય ખર્ચાઓ કાઢવા મુશ્કેલ બન્યા છે.

તલોદ પી.એસ.આઈ. સ્વામિની ગાંભોઈ બદલી

તેમના સ્થાને તલોદ પી.એસ.આઈ. તરીકે ગાંભોઈથી દેસાઈની બદલી

તલોદ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય રવિન્દ્ર મંડલીક નાઓએ સાબરકાંઠા જિલ્લાના ત્રણ પોલીસ સબ ઈન્સ્પેકટરોની આંતરિક બદલીઓ કરેલ છે. જે અન્વયે તલોદ પોલીસ સબ ઈન્સ્પેકટર જી.એસ. સ્વામિની બદલી ગાંભોઈ પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવેલ છે. તેમજ ગાંભોઈ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર જે. આર. દેસાઈની બદલી તલોદ પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવેલ છે.

સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકએ ચીપેલા બદલીના નાના ગંજીફામાં હિંમતનગર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર સુ. એ.બી. મિસ્ત્રીની પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે બદલી કરે છે. યાદ રહે કે થોડાક દિવસ પહેલા જ પ્રાંતિજ પો.સ્ટે.ના મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.ડી. ચૌધરીની હિંમતનગર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી હતી. સત્તાવાર સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વહીવટી કારણોસર, જાહેર હિતમાં આ આંતરિક બદલીઓ કરવામાં આવેલ છે જેથી બદલી પામેલ જે-તે સબ ઈન્સ્પેક્ટર ઓ એ તત્કાળ હાલના ફરજના પોલીસ સ્ટેશનનો ચાર્જ છોડી દઈને, બદલીવાળા પોલીસ સ્ટેશન ખાતે હાજર થઈ જઈને, ચાર્જ સંભાળી લેવા પોલીસ અધિક્ષકે આદેશ પણ કરેલ છે.

તલોદ તાલુકાના તાજપુર પંથકમાંથી પસાર થતી મેશ્વો નદીના પુલ પરથી વૃદ્ધની નદીમાં ઝંપલાવી આત્મહત્યા

તલોદ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના તાજપુર કેમ્પ પંથકમાંથી પસાર થતી મેશ્વો નદીના પુલ

ઉપરથી ૬૫ વર્ષની વયના એક વૃદ્ધજને નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. કોઈ અગમ્ય કારણોસર તેઓએ આ પગલું ભર્યું હોવાનું મનાઈ રહ્યું છે.

અમદાવાદ-મોડાસા રાજ્ય ધોરી માર્ગ ઉપરના તલોદ તાલુકાના તાજપુર કેમ્પ પંથકમાંથી પસાર થતી મેશ્વો નદીના પુલ ઉપરથી આજે સવારે ૧૧ વાગ્યાના સુમારે તલોદ તાલુકાના દેવીયા ગામના રહીશ અંદાજિત ૬૫ વર્ષની વયના નાનાજી કાળાજી મકવાણા નામના વૃદ્ધજને કોઈ અગમ્ય કારણોસર પુલ ઉપરથી નદીમાં ઝંપલાવ્યું હતું. ઉનાળાને કારણે નદીના પાણી સુકાઈ ગયા હોઈ, નદી હાલ કોરીધાકોર બની રહી છે. પરંતુ અહીં નદીના પેટાળમાં મસમોટા પથ્થરો પડેલા છે. જેમાં નાનાજી મકવાણા પટકાઈ પડતા અતિ ભારે ઈજાઓનો ભોગ બન્યા હતા અને પળવારમાંજ તેઓ ઘટનાસ્થળે જ કાળનો કોળિયો બની ગયા હતા.

નાનાજીના આમ અકસ્માતે થયેલા અણધાર્યા મોતને કારણે દેવિયા પંથકના તેમના નિકટના પરિવારોમાં ભારે શોકની કાલિમા ઉદભવી છે. નાનાજી મકવાણાના પરિવારમાં પત્ની કે પુત્ર કોઈ છેજ નહીં. જેથી તેઓ એકલાજ એમના કૌટુંબીક ભાઈને ત્યાં રહીને જીવન ગુજારતા હતા. લાગે છે કે જિંદગીના અસ્તાચળે કોઈ કારણોસર તેઓ ભારે નાસીપાસ થઈ ગયા હશે અને આમ આત્મહત્યાનું પગલું ભર્યું હશે..!?! એકવડીયા બાંધાના વૃદ્ધ નાનાજીના મૃતદેહને તલોદ પોલીસે પોસ્ટ મોર્ટમ માટે તલોદ રેફરલ હોસ્પિટલમાં ખસેડીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાડુ ન લેવા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અશોષ ભૂષણની અધ્યક્ષતા હેઠળની બેન્ચે આદેશમાં જણાવ્યું હતું કે, જ્યાંથી બસ અથવા ટ્રેન ઉપડવાની હોય તે રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશે શ્રમિકોને ભોજન-પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવી પડશે જ્યારે મુસાફરી દરમિયાન આ જવાબદારી રેલવેની રહેશે. સુપ્રીમ કોર્ટની બેન્ચના અન્ય જજ જસ્ટિસ એક કે કૌલ અને જસ્ટિસ એમ આર શાહે રાજ્યોને નિર્દેશ કર્યો છે તેઓ શ્રમિકોની નોંધણી વ્યવસ્થા કરે અને વહેલી તકે તેમને બસ અથવા ટ્રેન મળે તેવા પ્રયાસ કરે. કોર્ટે આ અંગે ગંભીર નોંધ લેતા ટકોર કરી હતી કે શ્રમિકોની નોંધણી, પરિવહન અને તેમને ભોજપ-પાણી ઉપલબ્ધ કરાવવામાં કેટલાક છીંડા જોવા મળ્યા હતાં. કેન્દ્રે તેમના જવાબમાં જણાવ્યું હતું કે તેઓ તેમના તરફથી અભૂતપૂર્વ પ્રયાસ કરી રહ્યા છે અને અત્યાર સુધીમાં ૯૧ લાખ મજૂરોને વતન મોકલવામાં આવ્યા છે. કેન્દ્ર વતી સોલિસીટર જનરલ તુષાર મહેતાએ કોર્ટમાં દલીલ કરી હતી.

કોર્ટે કહ્યું હતું કે ઘરે જવાનો પ્રયાસ કરી રહેલા પરપ્રાંતિય મજૂરો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેમાં કોઈ શંકા નથી કે રાજ્ય સરકારો તેમના માટે પગલાં લઈ રહી છે. જોકે રજીસ્ટ્રેશન, ટ્રાન્સપોર્ટેશન અને ખાવા-પીવાની બાબતમાં કેટલીક ખામીઓ જોવા મળી રહી છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારો સાથે સંકલન કરીને પરપ્રાંતિય મજૂરોને સ્પેશિયલ ટ્રેનો અને બસો દ્વારા તેમના રાજ્યોમાં લઈ જવામાં આવે છે. પહેલી મેથી ૨૭ મે દરમિયાન ૯૧ લાખ મજૂરોને ઘરે પહોંચાડવામાં આવ્યા હતા. આ જવાબ પર અદાલતે ટિપ્પણી કરી - શું તેમને યાત્રા દરમિયાન ખોરાક આપવામાં આવ્યો હતો? એક સવાલ કરતાં સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું કે, શું કોઈ પણ પ્રસંગે પ્રવાસીઓ પાસેથી ટિકિટના પૈસા માંગવામાં આવ્યા હતા? સવાલ એ છે કે રાજ્ય સરકારો કેવી રીતે ટિકિટના પૈસા ચૂકવે છે. જો પ્રવાસીઓ પાસેથી પૈસા લેવામાં આવી રહ્યા છે, તો શું આ પૈસા તેમને પાછા કરવામાં આવી રહ્યા છે? ટ્રેનની રાહ જોતા તેમને ખાવાનું મળે છે કે નહિ? પ્રવાસીઓને ખાવાનું મળવું જ જોઈએ.

ઘાત ટળી...● અનુસંધાન પહેલાનું ચાલુ

આધારે એ કાર શોધી કાઢી અને તેને વસ્તીથી દૂર લઈ જઈને કારને ઉડાવી દઈને તેમાં રહેલો દારૂગોળાનો નાશ કર્યો હતો. સત્તાવાળાઓનું માનવુ હતું કે વધુ એક પુલવામા હુમલો અટકાવી શકાયો છે.

સૂત્રોએ જણાવ્યું કે, પુલવામામાં પોલીસને મોડી રાતે માહિતી મળી કે, અમુક આતંકીઓ એક વિસ્ફોટક ભરેલી કાર લઈ જઈ રહ્યા છે. તેના દ્વારા અમુક લોકેશન પર બ્લાસ્ટ કરવામાં આવી શકે છે. તેથી સેનાએ અમુક રુટ્સ તુરંત સીલ કરી દીધા હતા. આ દરમિયાન જ એક શંકાસ્પદ કાર જોવા મળી હતી. તેને રોકતા અમુક રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ત્યારપછી ડ્રાઈવર અંધારાનો લાભ લઈને ભાગી ગયો. સેનાએ આ ગાડી કબજે કરી લીધી હતી સૂત્રોએ કહ્યું કે, જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં સુરક્ષાદળો પર કારમાં આઈઈડી ભરીને હુમલો કરવાના મોટા ષડયંત્ર નિષ્ફળ કરવામાં આવ્યું છે. સુરક્ષાદળોએ પુલવામાં આઈનગુંડ વિસ્તારમાં એક સેન્ટ્રો કારમાં લઈ જઈ રહેલા આઈઈડીનો જથ્થો જપ્ત કર્યો હતો. જે વાહનમાં આ આઈઈડી મળ્યું છે તેના પરની નંબર પ્લેટ પર કઠુઆનો રજિસ્ટ્રેશન નંબર છે. સૂત્રોના જણાવ્યા મુજબ, સુરક્ષદળોએ કાર પર ફાયરિંગ કર્યું હતું જો કે ડ્રાઈવર કાર છોડીને ફરાર થઈ ગયો હતો. તપાસ દરમિયાન ગાડીની પાછળની સીટ પર આઈઈડી વિસ્ફોટથી ભરેલું ડ્રમ મળી આવ્યુ હતું. ત્યારબાદ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને બોલાવવામાં આવી હતી જેમણે બોમ્બને ડિસ્પોઝ કરી દીધો હતો.

૨ કેસ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પટેલ સહિત આરોગ્ય તંત્રની ટીમે આ દર્દીના ઘરની મુલાકાત લઈ અને આસપાસના વિસ્તારને પણ સેનીટાઈઝેશન કરવા સહિત સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપી હતી. બીજો કેસ કલોલ અર્બનના કલ્યાણપુરા વિસ્તારમાંથી મળી આવ્યો છે. આ દર્દી પણ ૬૮ વર્ષની આયુ ધરાવે છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દી અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં બી.પી. અને અન્ય બિમારીની સારવાર માટે દાખલ થયેલ છે. જ્યાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે આરોગ્ય તંત્ર દ્વારા તેમના પરિવારના સાત સભ્યોને ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટર ખાતે ખસેડ્યા છે. આ ઉપરાંત તેમના સંપર્કમાં આવનાર ૧૫૦ થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૬૮૯ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૨૫૬૧ના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. જિલ્લામાં હાલ ૩૬૧૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ભયની લાગણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવા સંજોગોમાં નાગરિકોને રાત્રિના સમયે કરફયુના સંજોગોમાં ભયની લાગણી જન્મે તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાના મામલે તંત્રએ સર્વે કે અભ્યાસ કરી ફરિયાદોનો નિકાલ કરવાની કામગીરી બંધ કરી દીધી હોય તેમ લાગે છે. છેલ્લા ઘણાં સમયથી સ્ટ્રીટ લાઈટના રીપેરીંગ કે ફરિયાદોના નિકાલ માટે કોઈ ગતિવિધિ હાથ ધરાતી ન હોવાનુ પણ સ્થાનિકો માની રહ્યા છે. આવા સંજોગોમાં સ્ટ્રીટ લાઈટની સેવાને પણ લોકડાઉન લાગી ગયુ હોય તેવો અહેસાસ નાગરિકો કરી રહ્યા છે.

મુક્ત રહેવું એજ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અડધી ચમચી હળદરને ૨૦૦ ગ્રામ ગરમ દુધમાં ભેળવીને રોજ પીવાથી પણ સારા પરિણામ મળે છે. હળદર અને દુધના સેવન બાદ અડધો કલાક સુધી કાંઈ લેવુ નહીં. ગરમ પાણી મ્હોમાં ભરીને અવાજ કર્યા વિના આકાશ તરફ જોઈને ગંદુશ કરવાથી પણ ફાયદો થાય છે. આ ઉપરાંત ઘરગથ્થુ ઉપચારમાં હળદર, સુઠ અને મીંઠુ સરખા ભાગે મિશ્ર કરીને ચપટી ભરીને સુંઘવાનુ પણ અસરકારક છે. નાના બાળકો સુંઘી ન શકે તો સુંઠ હળદર મીંઠુ પીવડાવી પણ શકાય છે. આ કરવાથી લ્હાય બળે કે છીંક આવે તો પણ ગભરાવવુ નહીં. આ ઘરેલુ ઉપચારની પણ ઉત્તમ અસર જોવા મળી છે. દેશી ગાયના વલોણાના ઘીનુ નશ્ય કરવામાં આવે તો પણ કોરોના ભાગશે. ડો દિનેશ પંડયાની દવાથી વૃધ્ધ દર્દીઓ પણ સાજા થયાના દાખલા છે. આ બધી બાબતોનુ યોગ્ય પાલન કરવામાં આવે તો પણ જલદીથી સાજા થઈ જવાય તેમાં કોઈ શંકા નથી તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ. ઈન્ફેકશન થાય ત્યારે એલોપેથીની સાથે આર્યુવેદિક દવા અપનાવાથી પણ વધુ સારા પરિણામ મળે છે.

રસી તૈયાર થાય છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમે નોર્મલ લોકોને આપીએ છીએ ન કે બીમાર અને કોઈપણ અંતિમ સ્ટેજના દર્દીઓ માટે જરૂરી છે કે વેક્સિનની ક્વોલીટી અને સેફટીનો સંપૂર્ણ રીતે ટેસ્ટ કરવામાં આવે. તેમણે જણાવ્યું હતુ કે, વેક્સિન ૧૦-૧૫ વર્ષના સમયગાળામાં બને છે અને તેને વિકસિત કરવામાં ૨૦૦ મિલિયન ડોલર જેટલો ખર્ચ પણ થતો હોય છે. અમે પ્રયત્ન કરી રહ્યા છીએ કે એક વર્ષની અંદર તેને વિકસિત કરવામાં આવે. જેના માટે એક વેક્સિન પર કામ કરવાની જગ્યાએ અમે લોકો એક સમયમાં ૧૦૦થી વધારે વેક્સિન પર કાર્ય કરી રહ્યા છીએ. કે વિજય રાઘવને જણાવ્યું હતું કે, વેક્સિન બનાવવાની ત્રણ પ્રકારે કોશિશ કરવામાં આવી રહી છે, એક તો અમે પોતે જ કોશિશ કરી રહ્યા છીએ. બીજી બહારની કંપનીઓ સાથે મળીને કરી રહ્યા છે અને ત્રીજી અમે જેને લીડ કરી રહ્યા છે અને બહારના લોકો અમારી સાથે મળીને કાર્ય કરી રહ્યા છીએ.